# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે "દરિયાકાંઠાની ખેતી અંગે ખેડૂત- વૈજ્ઞાનિક પરી સંવાદ" યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ ખાતે આઇ.સી.એ.આર-સેન્ટ્રલ કોસ્ટલ એગ્રીકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ગોવાના સંકલનમાં રહીને "દરિયાકાંઠાની ખેતી આધારિત કેપેસીટી બીલ્ડીંગ કાર્યક્રમ અને ખેડૂત- વૈજ્ઞાનિક પરી સંવાદ" નું આયોજન તા. ૨૨.૦૧.૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ હતું. આ કાર્યક્રમમાં ખંભાત તાલુકાના અનુસૂચિત જાતિના કુલ ૩૦ ખેડૂતોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. ડી. એમ. રાઠોડ દ્વારા સર્વેના શાબ્દિક સ્વાગત બાદ પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યુ. ડો. શ્રીકાંત જી. બી. દ્વારા આઇ.સી.એ.આર-સેન્ટ્રલ કોસ્ટલ એગ્રીકલ્ચરલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, ગોવાની અનુસૂચિત જાતી પેટા યોજના અંતર્ગત થયેલ પ્રવૃત્તિઓની સંક્ષિપ્તમાં માહિતી આપી. તેઓએ દરિયાકાંઠાના પ્રદેશમાં ખેડૂતોની આજીવિકા વધારવા માટે મત્સ્યઉદ્યોગ અને જળચરઉછેર કરવા જણાવ્યુ. ડો. રેડ્ડીએ ખારી જમીનમા ઉગી શકે તેવી ઔષધિય વનસ્પતિ અને બાગાયતી પાકો વાવી લાંબાગાળા સુધી આવક મેળવવા જણાવ્યુ. તેઓએ ખારી જમીનમાં ટકી શકે તેવી ક્ષાર પ્રતિરોધક જાતો વાવવા જણાવ્યુ.  ડો. ડી. એમ. રાઠોડ દ્વારા સજીવ ખેતી અને પ્રાકૃતિક ખેતી વિશે વિસ્તૃત માહિતી આપી. તેઓએ વિવિધ કૃષિ પાકોમાં પ્રાકૃતિક ખેતી અને તેનાં આયામો વિષે ખેડૂતોને માહિતગાર કર્યા. ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા દરિયાકાંઠાની ખેતીમાં જીવાત અને રોગ વ્યવસ્થાપન વિશે માહીતી આપી. તેઓએ નાઇટ્રોજનયુક્ત રાસાયણિક ખાતરોનો વપરાશ ઘટાડવા જણાવ્યુ તેમજ જમીનને ફળદ્રુપ બનાવવા ઇક્કડનો લીલો પડવાશ કરવા જણાવ્યુ. કાર્યક્રમના ભાગરૂપે ઉપસ્થિત સર્વે અનુસૂચિત જાતિના ખેડૂતોઓને મળતા ખેતીમાં ઉપયોગી તાડપત્રી, પાવડા, ઔષધિય પાકોનાં રોપાનું વિતરણ કરવામાં આવ્યુ.

# તાલીમ કાર્યક્રમની ઝાંખીઓ















